## છેલ્લા ૨ વર્ષથી અમરોલી પો.સ્ટે.ના ડુપ્લીકેટ ભારતીય ચલણી નોટના ગુનામાં નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી સુરત શહેર એસ.ઓ.જી.

સુરત સહેરના એસ.ઓ.જી.ના પોલીસ માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તે વખતે ASI અનિલભાઇ વિનજીભાઇ, HC દામજીભાઇ ધનજીભાઇ, PC અશોકભાઇ લાભુભાઇ નાઓએ અમરોલી પો.સ્ટે. I ગુ.ર.નં. ૧૨૨/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૪૮૯(ક),(ખ),(ગ),૧૨૦(બી) મુજબના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતો-ફરતો આરોપી નાગેન્દ્ર રામવિલાસ ભગત રહે. શિવમ ઇન્ડસ્ટ્રીઝ વેડ રોડ, ચોકબજાર, સુરત મુળ વતન ચંદન છપરા, બહાદુરપુર થાના જામો બજાર, જી. સીવાન (બિહાર) નાનો સને ૨૦૧૮ ની સાલમાં પોતે સુરત ખાતે રહેતો હતો ત્યારે પૈસા કમાવવાની લાલચમાં પોતાના બનેવી અમિતપ્રસાદ અવધકિશોર કુસ્વાહ રહે. ગામ દુધડા થાના ગોરીયાકોઠી જી.સીવાન (બિહાર) નાઓ પાસેથી ડુપ્લીકેટ ભારતીય ચલણની અલગ અલગ દરની નોટો કુલ રૂ.૩,૯૩,૩૦૦/- ની મેળવી સુરતમાં રહેતા તેના મિત્રો જગદીશભાઇ લવજીભાઇ વાઘાણી રહે. ઘર નં.૧૪૪, હરીદર્શન સોસા. ડભોલી ચાર રસ્તા પાસે કતારગામ, સુરત તથા મહંમદ શૈરૂલબશર ઉર્ફે સોનુ મહંમદ હનીફ અંસારી રહે. વેડરોડ ગોકુલ એપાર્ટમેન્ટ ચોથો માળ રૂમ નં.૭, સુરત મુળગામ- બલાહા થાના-બરવલી તા.બિશનપુરા બજાર જી. ગોપાલગંજ (બિહાર) નાઓને ડુપ્લીકેટ ભારતીય ચલણી નોટો વટાવવા માટે આપેલ પરંતુ તેઓ બન્ને અમરોલી પોલીસના હાથે ઝડપાઇ ગયેલ હોય અને તેને આ ગુન્હામાં નાસતો-ફરતો જાહેર કરતા પોતે પોતાના વતન બિહાર જતો રહેલ અને ત્યાં મજુરીકામ કરવા લાગી ગયેલ હતો અને હાલ છેલ્લા બે મહીનાથી સુરત ખાતે લુમ્સના કારખાનામાં મજુરી કામ કરતો હોય તેને ચોકબજાર વેડરોડ રીલાયન્સ પેટ્રોલ પંપની પાછળ શિવમ ઇન્ડસ્ટ્રીઝ ખાતેથી ઝડપી પાડી અમરોલી પો.સ્ટે.ને સોંપી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.